દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૩ અને ૩૪ અન્વયે વન અને પર્યાવરણ વિભાગ હસ્તકના વિવિધ સંવર્ગોમાં સીધી ભરતીની પ્રક્રિયામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે ૪(ચાર)% અનામત રાખવા તથા જગ્યાઓ સુનિશ્ચિત(Identify) કરવા માટે દિવ્યાંગતાનો પ્રકાર નક્કી કરવા બાબત.

ગુજરાત સરકાર,
વન અને પર્યાવરણ વિભાગ,
ઠરાવ ક્રમાંક: FED/MSM/e-file/6/2025/0233/D-2,
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૬/૦૬/૨૦૨૫

**વંચાણે લીધા:**

(૧) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનું જાહેરનામું નં. 38-16/2020-DD-III, તા.૦૪/૦૧/૨૦૨૧.

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો પરિપત્ર ક્રમાંક: અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૪), તા.૧૮/૦૮/૨૦૨૧.

(૩) સામાન્ય વહીવટ વિભાગનો ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૦૨૦૨૧૭-૧૨૨૬૩૯/ગ-૨, તા.૧૭/૦૯/૨૦૨૧.

(૪) દિવ્યાંગજન સશક્તિકરણ વિભાગ, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, ભારત સરકારનું જાહેરનામું નં. 30-12/2020-DD-III, તા.૨૪/૦૮/૨૦૨૨ .

(૫) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો પરિપત્ર ક્રમાંક:અપગ/૧૧૨૦૨૦/૪૭૩૬૨/છ-૧(પાર્ટ-૬), તા.૧૭/૦૯/૨૦૨૨.

(૬) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સુધારા પરિપત્ર ક્રમાંક: અપગ/ ૧૧૨૦૨૦/૪૭૩૬૨ /છ-૧(પાર્ટ-૬), તા.૩૦/૧૨/૨૦૨૨.

(૭) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો ઠરાવ ક્રમાંક:SJED/DIA/e-file/17/2023/ 1761/CHH-1, તા.૦૯/૦૬/૨૦૨૩.

(૮) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક:SJED/DIA/e-file/17/2023/ 1761/CHH-1, તા.૦૯/૧૦/૨૦૨૩.

(૯) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગાંધીનગરના પત્રાંક:મહક/૩૬-બ/અ/૩૦૪ /૨૦૨૪-૨૫, તા.૨૨/૦૧/૨૦૨૫.

(૧૦) સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગની તજજ્ઞ સમિતિની તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ બેઠકની કાર્યવાહી નોંધ.

**પ્રસ્તાવના:**

ભારત સરકાર દ્વારા તા.૨૮/૧૨/૨૦૧૬થી વિકલાંગ ધારો-૧૯૯૫ના સ્થાને દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ અમલી કરેલ છે. આ અધિનિયમની કલમ-૩૩(૧)ની જોગવાઈ મુજબ દરેક સંવર્ગમાં દિવ્યાંગ અનામત અન્વયે કયા પ્રકારની દિવ્યાંગતા ધરાવતાં વ્યક્તિઓ ફરજ બજાવી શકે તે સુનિશ્ચિત

(Identify) કરવાનું રહે છે. વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના ભારત સરકારના તા.૦૪/૦૧/૨૦૨૧ના જાહેરનામાથી કેન્દ્ર સરકારની વિવિધ જગ્યાઓ પર દિવ્યાંગ વ્યક્તિઓ ઉમેદવારી નોંધાવી શકે તે અંગે તેઓની દિવ્યાંગતાનો પ્રકાર નવેસરથી નક્કી કરવામાં આવેલ છે. જેના આધારે વંચાણે લીધેલ ક્રમ-(૨) પરના ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૧૮/૦૮/૨૦૨૧ના પરિપત્રથી રાજ્ય સરકારના દરેક વિભાગ હેઠળના તમામ સંવર્ગોમાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે સીધી ભરતીની પ્રક્રિયામાં જગ્યાઓ સુનિશ્ચિત(Identify) કરવા અંગેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ની કલમ-૩૪ની જોગવાઈ અન્વયે વંચાણે લીધેલ ક્રમ-(૩) પરના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૭/૦૯/૨૦૨૧ના ઠરાવથી રાજ્ય સરકારના વર્ગ-૧, વર્ગ-૨ અને વર્ગ-૩ ના સંબંધિત સંવર્ગમાં સીધી ભરતીથી ભરવાની થતી કુલ ખાલી જગ્યાના ૪(ચાર)% જગ્યાઓ દિવ્યાંગતા(Benchmark disabilities) ધરાવતી વ્યક્તિઓ માટે અનામત રાખવાનું ઠરાવવામાં આવેલ છે. આ ઉપરાંત વંચાણે લીધેલ ક્રમ-(૪) પરના ભારત સરકારના તા.૨૪/૦૮/૨૦૨૨ના જાહેરનામાથી વંચાણે લીધેલ ક્રમ-(૧) પરના જાહેરનામામાં ગૃપ-C માં દર્શાવેલ દિવ્યાંગતાના પ્રકાર હલનચલનની દિવ્યાંગતા(locomotor disability)માં Spinal Deformity (SD) and Spinal Injury (SI) without any associated neurological/limb dysfunction નો સમાવેશ કરવાનું તેમજ Spinal Deformity (SD) and Spinal Injury (SI) with any associated neurological/limb dysfunction ના કેસમાં જે તે અંગની નિષ્ક્રિયતા ધ્યાનમાં લઈને સંભવિત દિવ્યાંગતામાં તેનો સમાવેશ કરવા અંગેનો સુધારો કરવામાં આવેલ છે. જે અન્વયે વંચાણે લીધેલ ક્રમ-(૫) અને (૬) પરના ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુક્રમે તા.૧૭/૦૯/૨૦૨૨ અને તા.૩૦/૧૨/૨૦૨૨ના પરિપત્ર તથા સુધારા પરિપત્રથી હલનચલનની દિવ્યાંગતા(locomotor disability)માં Spinal Deformity (SD) and Spinal Injury (SI)નો સમાવેશ કરવા અંગેની સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે. વંચાણે લીધેલ ક્રમ-(૭) અને (૮) પરના ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુક્રમે તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૦૯/૧૦/૨૦૨૨ના ઠરાવ તથા સુધારા ઠરાવથી Both Arm (BA) અને Both Leg (BL) દિવ્યાંગતા ધરાવતા ઉમેદવારોને જે તે સંવર્ગની ભરતી માટે માન્ય ગણવા બાબતે ઠરાવ કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમ-(૯) પરના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગાંધીનગરના તા.૨૨/૦૧/૨૦૨૫ના પત્રથી તેઓની કચેરી હસ્તકના વિવિધ સંવર્ગો મદદનીશ વન સંરક્ષક (વર્ગ-૨) , રેંજ ફોરેસ્ટ ઓફિસર(વર્ગ-૨), વનપાલ(વર્ગ-૩), વનરક્ષક(વર્ગ-૩), પ.વ.અ (સર્વે) (વર્ગ-૩), તથા સર્વેયર(વર્ગ-૩) સંવર્ગમાં વંચાણે લીધેલ ક્રમ-(૫), (૬), (૭) અને (૮) પરના ઠરાવ/પરિપત્રોની જોગવાઈઓના અનુસંધાને સીધી ભરતીની પ્રક્રિયામાં દિવ્યાંગ વ્યક્તિઓ માટે અનામત રાખવા માંથી મુક્તિ આપવા દરખાસ્ત કરેલ હતી. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

પુખ્ત વિચારણાને અંતે દિવ્યાંગ વ્યક્તિઓના અધિકાર અધિનિયમ, ૨૦૧૬ મુજબ વિભાગની વહીવટી નિયંત્રણ હેઠળના અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગાંધીનગર હસ્તકના મદદનીશ વન સંરક્ષક (વર્ગ-૨), રેંજ ફોરેસ્ટ ઓફિસર(વર્ગ-૨), વનપાલ(વર્ગ-૩), વનરક્ષક(વર્ગ-૩), પ.વ.અ (સર્વે) (વર્ગ-૩), તથા સર્વેયર(વર્ગ-૩) સંવર્ગોમાં સીધી ભરતીના પ્રક્રિયામાં દિવ્યાંગો માટે વંચાણે લીધેલ ક્રમ-(૧૦) પરની સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગની તા.૩૦/૦૪/૨૦૨૫ના રોજ મળેલ તજજ્ઞ સમિતિની

બેઠકની કાર્યવાહી નોંધ મુજબ સદર સંવર્ગોના ભરતી પ્રક્રિયા તેમજ તેઓની કામગીરીને ધ્યાને લઇ તજજ્ઞ સમિતિ દ્વારા વિસ્તૃત ચર્ચા કરીને ૦૬ સંવર્ગોમાં સા.ન્યા.અને અ.વિભાગનાં તા.૧૭/૦૯/૨૦૨૨, તા.૩૦/૧૨/૨૦૨૨ (SD-SI), તા.૦૯/૦૬/૨૦૨૩ અને તા.૦૯/૧૦/૨૦૨૩(BA-BL)ના ઠરાવ/પરિપત્રો થી SD-SI અને BA-BL માટે થયેલ જોગવાઇઓમાંથી ઉકત સંવર્ગોને મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગની તજજ્ઞ સમિતિની બેઠકમાં તા.૩૦/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(હિમાંશુ ગોહિલ),
ઉપસચિવ(સેવા),
વન અને પર્યાવરણ વિભાગ

**નકલ રવાના:**

- અધિક મુખ્ય સચિવશ્રી(ક.ગ.), સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર મુખ્ય વન સંરક્ષક અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, અરણ્ય ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર(પત્ર દ્વારા).
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર(પત્ર દ્વારા).
- સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
  (પ્રસ્તુત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારુ.)
- સિલેક્ટ ફાઈલ–૨૦૨૫.